# અમદાવાદની સિલ્વર ઓક યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ટેકનોલોજીની મદદથી વંચિત સમુદાયો માટે માનવતાનું કામ કરશે

By: Kishan Prajapati | Sun 30 Apr 2023 06:32 PM (IST)



**લોકલ ડેસ્કઃ** IEEE એટલે કે Institute of Electrical and Electronics Engineersએ વિશ્વની સૌથી મોટી તકનીકી વ્યાવસાયિક સંસ્થા છે. જે લોકહિત માટે ટેકનોલોજીને આગળ વધારવા માટે સમર્પિત છે. IEEE ગુજરાત સેક્શન અંતર્ગત આવતા સિલ્વર ઓક યુનિવર્સિટી IEEE વિદ્યાર્થી શાખા-સાઇટ (SIGHT ) ગ્રુપનું અનાવરણ કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ અને સોમનાથ ટ્રસ્ટના પૂર્વ ટ્રસ્ટી પી. કે લહેરી તેમજ સિલ્વર ઓક યુનિવર્સિટી મેનેજમેન્ટ એન્ડ ગુજરાત સેક્શન IEEE SIGHTના ચેરપર્સનની પ્રેરક ઉપસ્થિતિમાં સેવાકીય અભિગમ સાથે આ ગ્રુપની શરૂઆત કરવામાં આવી હતી.





આ પ્રસંગે હાજર રહેલા પી.કે લહેરીએ વિદ્યાર્થીઓને સંબોધન કરતા કેટલીક મહત્વપૂર્ણ વાતોનો ઉલ્લેખ કર્યો હતો. પી. કે લહેરીએ પોતાના વક્તવ્યમાં વ્યક્તિની સર્જનાત્મકતા અને તેની કુશળતાનું મહત્વ સમજાવતા જણાવ્યું કે, વર્તમાન સમયમાં ટેકનોલોજી અથવા તો આર્ટિફિશિયલ એન્ટેલિજન્સ ગમે એટલું આગળ કેમ ન હોય! પરંતુ માણસની સર્જનાત્મકતા અને તેની કુશળતાનું સ્થાન ક્યારેય નહીં લઈ શકે! સિલ્વર ઓક યુનિવર્સિટી ખાતે શરૂ કરવામાં આવેલ IEEE - સાઇટ ગ્રુપની શરૂઆત કરાવતા પીકે લહેરીએ યુવા વિદ્યાર્થીઓને પોતાની આવડત અને ટેકનોલોજીની મદદથી સમાજ ઉપયોગી કામ કરવા માટે હાકલ કરી હતી. પી કે લહેરીએ પોતાના જીવનકાળ દરમિયાન વહીવટી ક્ષેત્રની સાથે સાથે સેવાકીય સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. જેથી તેમને સમાજસેવાનો બહોળો અનુભવ ધરાવે છે એટલા માટે જ યુનિવર્સિટી દ્વારા આ કાર્યક્રમમાં તેમને આમંત્રિત કરવામાં આવ્યા અને તેમના અનુભવોનો નિચોડ વિદ્યાર્થીઓ સુધી પહોંચે તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

This website uses cookie or similar technologies, to enhance your browsing experience and provide personalised recommendations. By continuing to use our website, you agree to our **Privacy Policy** and **Cookie Policy**. OK






સિલ્વર ઓક યુનિવર્સિટી IEEE સ્ટુડન્ટ બ્રાન્ચ અંતર્ગત IEEE સાઈટ ગ્રુપની શરૂઆત કરાવવામાં આવી છે. જે ટેકનોલોજીની મદદથી લોક હિતના કામ કરવાં માટે કાર્યરત રહેશે. આ ગ્રુપ સાથે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા 200 જેટલા વિદ્યાર્થીઓ જોડાઈ ચૂક્યા છે. આ કાર્યક્રમમાં સિલ્વર ઓક યુનિવર્સિટી IEEE વિદ્યાર્થી શાખા ના ન્યુઝલેટર 'ન્યુઝનેસ્ટ 'ના પહેલા એડીશનને પણ લોન્ચ કરવામાં આવ્યું હતું .

**Tags**

#technology #AI #Artificial intelligence #Silver Oak University #Silver Oak University Student Start SIGHT

**RELATED READS**

- તલાટીની પરીક્ષાને અનુલક્ષીને રેલવેનું આયોજન: 7 મેના ભાવનગર-ગાંધીગ્રામ, ભાવનગર-રાજકોટ અને અમરેલી-જૂનાગઢ વચ્ચે પરીક્ષા વિશેષ ટ્રેન દોડશે
- સુરત સિવિલમાં 24 કલાકમાં 3 બ્રેઈન ડેડ દર્દીઓના અંગદાનની વિરલ ઘટના, 10 લોકોને મળ્યું નવજીવન
- VIDEO: સૌરાષ્ટ્રમાં માવઠાનો માર યથાવત, અનેક જિલ્લાઓમાં મૂશળધાર વરસાદથી ખેતરો બેટમાં ફેરવાયા; રોડ-રસ્તા પર પાણી ફરી વળ્યા
- ગુજરાતના જળાશયોમાં ઉનાળામાં ચાલે તેટલું પૂરતું પાણી ઉપલબ્ધ, પીવાના પાણીની ફરિયાદ માટે ટોલ ફ્રી નંબર કાર્યરત
- મોરબી ઝૂલતા પુલ દુર્ઘટના કેસના 3 આરોપીને જામીન મળ્યા
- વિદેશમાં ગેરકાયદેસર રીતે ગુજરાતીઓને મોકલતા 3 એજન્ટો સામે પ્રથમવાર FIR, કેનેડામાં વસતા ગુજરાતી અગ્રણીએ મૃતકના પરિવારના નિર્ણયને આવકાર્યો

Copyright © 2023 Jagran Prakashan Limited.



This website uses cookie or similar technologies, to enhance your browsing experience and provide personalised recommendations. By continuing to use our website, you agree to our **Privacy Policy** and **Cookie Policy**.